RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk


*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 334* Date: 01.10.2020 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૨૮ વર્ષ બાદ બાબરી ધ્વંસ કેસમાં લખનઉની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે આપ્યો ઐતિહાસિક ચુકાદો

# અડવાણી, જોશી-ઉમા સહીત ૩૨ આરોપીયો થયા કલંક મુક્ત

**લખનઉ સીબીઆઈ કોર્ટે કહ્યું- અચાનક ઘટના ઘટી હતી, ફોટો-વીડિયો, ફોટોકોપીમાં જે રીતે પુરાવા આપવામાં આવ્યા છે, તેનાથી કાંઈ સાબિત થતું નથી.**



*લખનઉ,તા.૩૦*

બાબરી વિધ્વંસ કેસ મામલે લખનઉની સ્પેશિયલ સીબીઆઇ કોર્ટે ચૂકાદો આપ્યો છે. બાબરી ધ્વંસ મામલે સીબીઆઈની વિશેષ કોર્ટે તમામ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે થયેલી ઘટનાને કોર્ટે પૂર્વનિયોજીત ન હોવાનું જણાવ્યું છે. લાલ કૃષ્ણ અડવાણી, ભાજપના પૂર્વ અધ્યક્ષ મુરલી મનોહર જોશી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ઉમા ભારતી, વિનય કટિયાર સહિત ૩૨ને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ૨૮ વર્ષ પહેલાં ૬ ડિસેમ્બર ૧૯૯૨માં અયોધ્યામાં કારસેવકોએ બાબરી મસ્જિદની ઈમારત તોડી પાડી હોવાનો આરોપ લાગ્યો. જેમાં ઈમારત તોડી પાડવાનો આરોપ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી સહિત ૪૮ લોકો પર લગાવવામાં આવ્યો હતો. તેમાંથી ૧૬ લોકોનાં નિધન થઈ ગયાં છે. સીબીઆઈની સ્પેશિયલ કોર્ટના જજ એસકે યાદવે બાબરી ધ્વંસ મામલે ચૂકાદો સંભળાવતાં કહ્યું કે, આ ઘટના પૂર્વનિયોજિત ન હતી અને જે ઘટના ઘટી તે અચાનક ઘટી હતી. આ સાથે જજ એસકે યાદવે લાલકૃષ્ણ અડવાણી, ઉમા ભારતી, મુરલી મનોહર જોશી સહિતનાં તમામ ૩૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. બાબરી ધ્વંસ મામલે ફેંસલો સંભળાવતા જજ યાદવે કહ્યું કે, વીએચપી નેતા અશોક સિંઘલની સામે કોઈ પુરાવા નથી.

ચૂકાદામાં કહેવાયું કે, ફોટો-વીડિયો, ફોટોકોપીમાં જે રીતે પુરાવા આપવામાં આવ્યા છે, તેનાથી કાંઈ સાબિત થતું નથી. આ ઉપરાંત કોર્ટે માન્યું કે જે ફોટો અને વીડિયો પુરાવા તરીકે રજૂ કરાયા છે તે ટેમ્પર્ડ છે. આ સાથે કોર્ટે ફોટો-વીડિયોને પુરાવા તરીકે માનવા ઈક્રાર કરી દીધો હતો. તેમજ કોર્ટે કહ્યું કે, કેટલાક આરોપીઓએ લોકોને રોકવાનો પ્રયાસ કર્યો હતો. લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી, કલ્યાણ સિંહ, ઉમા ભારતી, વિનય કટિયાર, સાધ્વી ઋતંભરા, મહંત નૃત્ય ગોપાલ દાસ, ડૉ. રામ વિલાસ વેંદાતી, ચમ્પત રાય, મહંત ધર્મદાસ, સતીશ, પ્રધાન, પવન કુમાર પાંડે, લલ્લૂ સિંહ, પ્રકાશ શર્મા, વિજય બહાદુર સિંહ, સંતોષ દુબે, ગાંધી યાદવ, રામજી ગુપ્તા, બ્રજ ભૂષણ શરણ સિંહ, કમલેશ ત્રિપાઠી, રામચંદ્ર ખત્રી, જય ભગવાન ગોયલ, ઓમ પ્રકાશ પાંડે, અમરનાથ ગોયલ, જયભાન સિંહ પવૈયા, સાક્ષી મહારાજ, વિનય કુમાર રાય, નવીન ભાઈ શુક્લા, આરએન શ્રીવાસ્તવ, આચાર્ય ધર્મેન્દ્ર દેવ, સુધીર કુમાર કક્કડ અને ધર્મેન્દ્ર સિંહ ગુર્જર. લખનઉની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટ આ મામલે ચૂકાદો આપી દીધો છે.

લાલકૃષ્ણ અડવાણી અને ઉમા ભારતી સહિત ૬ આરોપીઓ કોર્ટમાં હાજર રહ્યા ન હતા. બાબરી ધ્વંસ કેસ પર ચુકાદાના સમયે પાંચ આરોપી લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, શિવસેના સાંસદ રહેલા સતીશ પ્રધાન, શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલ દાસ હાજર રહ્યા નવ હતા. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણના શુભારંભ થવાની સાથે બાબરી કેસ અંગે પણ ચૂકાદો આવી ગયો છે. સીબીઆઈના સ્પેશિયલ જજ સુરેન્દ્ર કુમાર યાદવ આજે આ મામલે નિર્ણય સંભળાવ્યા બાદ રિટાયર થઈ જશે. બાબરી ધ્વંસ કેસમાં કુલ ૪૯ આરોપીઓ હતા પણ ૧૭ આરોપીઓના નિધન થઈ ગયા છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ તોડ્યા બાદ ફૈઝાબાદમાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એફઆઈઆર નંબર ૧૯૮ લાખો કારસેવકોની સામે હતી જ્યારે એફઆઈઆર નંબર ૧૯૮ સંઘ પરિવારના કાર્યકર્તાઓ સહિત આડવાણી, જોશી, તત્કાલીન શિવસેના નેતા બાલ ઠાકરે, ઉમા ભારતી વગેરેની સામે હતી.

ચુકાદા બાદ નેતાઓની પ્રતિક્રિયા

આ કેસમાં આરોપી રહેલા ભાજપના દિગ્ગજ નેતા મુરલી મનોહર જોશીએ કહ્યું કે આ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો છે. જેનાથી સાબિત થાય છે કે અયોધ્યામાં ૬ ડિસેમ્બરના રોજ ઘટેલી ઘટના કોઈ ષડયંત્ર નહતું. અમારો કાર્યક્રમ અને રેલીઓ કોઈ ષડયંત્રનો ભાગ નહતી. અમે ખુશ છીએ, દરેકે હવે રામ મંદિરના નિર્માણને લઈને ઉત્સાહિત હોવું જોઈએ.

સીબીઆઈની વિશેષ કોર્ટ દ્વારા નિર્દોષ છૂટેલા આચાર્ય ધર્મેન્દ્રએ કહ્યું કે આ તો પહેલી ઝાંખી છે, કાશી મથુરા બાકી છે. અત્રે જણાવવાનું કે આ કેસમાં કુલ ૪૯ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતાં. જેમાથી ૧૭ લોકોનું મૃત્યુ થયું છે જ્યારે બાકીના ૩૨ લોકોને આજે કોર્ટે નિર્દોષ છોડી મૂક્યા છે. દેશના રક્ષામંત્રી અને પૂર્વ ભાજપ અધ્યક્ષ રાજનાથ સિંહે કહ્યું કે લખનઉની વિશેષ કોર્ટ દ્વારા બાબરી મસ્જિદ વિધ્વંસ કેસમાં શ્રી લાલકૃષ્ણ અડવાણી, શ્રી કલ્યાણ સિંહ, ડો.મુરલી મનોહર જોશી, ઉમાજી સહિત ૩૨ લોકોને કોઈ પણ ષડયંત્રમાં સામેલ ન હોવાના નિર્ણયનું હું સ્વાગત કરું છું. આ નિર્ણયથી સાબિત થયું છે કે ભલે મોડું પણ ન્યાયની જીત થઈ છે.

કોર્ટના નિર્ણયનું સીએમ યોગી આદિત્યનાથે સ્વાગત કર્યુ છે. તેમણે કહ્યું કે સત્યમેવ જયતે મુજબ સત્યની જીત થઈ છે. તેમણે એમ પણ કહ્યું કે આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે તત્કાલિન કોંગ્રેસ સરકાર દ્વારા રાજનીતિક પૂર્વાગ્રહથી ગ્રસ્ત થઈને વોટબેંકની રાજનીતિ માટે દેશના પૂજ્ય સંતો, ભારતીય જનતા પાર્ટીના નેતાઓ, વિશ્વ હિન્દુ પરિષદના પદાધિકારીઓ અને સમાજના વિભિન્ન સંગઠનોના પદાધિકારીઓને બદનામ કરવાની દાનતથી તેમને ખોટા કેસમાં ફસાવીને બદનામ કરવામાં આવ્યાં.તેમણે કહ્યું કે આ ષડયંત્ર માટે જવાબદાર લોકો દેશની જનતાની માફી માંગે. સીએમ યોગીએ વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશીને આ ચુકાદા બાદ ફોન કરીને અભિનંદન પાઠવ્યા.

## દેશમાં કોરોનાના કેસમાં વધારો, છેલ્લા ૨૪ કલાકમાં ૮૦,૪૭૨ નવા કેસ

### કોવિડ-૧૯ સામે લડતાં ૯૭,૪૯૭ દર્દીઓએ જીવ ગુમાવ્યો, હાલમાં ૯.૪૦ લાખ એક્ટિવ કેસ



*ન્યુ દિલ્હી,તા.૩૦*

દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત થનારા લોકોની સંખ્યા ૬૨ લાખને પાર થઈ ગઈ છે. જેની સામે ૫૧ લાખથી વધુ લોકો સાજા થઈ ગયા છે. પરંતુ કોવિડ-૧૯ સામે લડતાં ૯૭ હજારથી વધુ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૮૦,૪૭૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧,૧૭૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૬૨,૨૫,૭૬૪ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૫૧ લાખ ૮૭ હજાર ૮૨૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૪૦,૪૪૧ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૯૭,૪૯૭ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૯ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૭,૪૧,૯૬,૭૨૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, મંગળવારના ૨૪ કલાકમાં ૧૦,૮૬,૬૮૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## વિદેશ પ્રધાન એસ.જયશંકર બે દિવસીય જાપાનના પ્રવાસે જશે

*ન્યુ દિલ્હી,તા.૩૦*

ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ચીનના વધતા દબાવને લઈ ચતુષ્કોણીય ગઠબંધન દેશ ક્વાડના વિદેશ પ્રધાન ૬ ઓક્ટોમ્બરના રોજ જાપાનના ટોક્યો શહેરમાં બેઠક કરશે. ક્વાડ દેશોમાં ભારત, જાપાન, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા સામેલ છે. જાપાનના મીડિયાના વિદેશ પ્રધાન તોશિમિત્સુ મોતેગીએ સમગ્ર જાણકારી આપી છે. મોતેગીએ જણાવ્યું કે, આ બેઠકમાં હિંદ પ્રશાંત વિસ્તારમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિ વધારવા માટે વાતચીત થશે. આ બેઠકમાં ભારત એસ. જયશંકર સહિત અમેરિકી વિદેશી પ્રધાન માઈક પોમ્પિયો અને ઓસ્ટ્રેલિયાના મારિજ પાયન પણ સામેલ રહેશે.કોરોના વાઈરસની મહામારીની શરુઆત બાદ ટોક્યો દ્વારા આયોજીત આ પ્રથમ પ્રધાન સ્તરીય સમ્મેલન હશે. આ ક્ષેત્રમાં ચીનના વધતા દબદબાને ધ્યાનમાં રાખીને અમેરિકા, જાપાન, ઑસ્ટ્રેલિયા અને ભારતે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને સુનિશ્ચિત કરવા સહયોગ વધાર્યો છે.જેમાં કાયદાના શાસનનું પાલન કરવા સહિત સમુદ્ર અને આકાશમાં ચળવળની સ્વતંત્રતા અને વિવાદોનો શાંતિપૂર્ણ રીતે સમાધાન કરવું જરુરી છે. જેથી આ ક્ષેત્રમાં ચીનના વધતા દબાવને ઘટાડી શકાય.

### રાજ્ય સરકારે આખરે વાલીઓની ૫૦ ટકા ફી ઘટાડાની આજીજીઓને ધરાર ફગાવી

# સ્કૂલ ફીમાં માત્ર ૨૫ ટકા જ ઘટાડાનો સંચાલકોને આદેશ

*ગાંધીનગર,તા.૩૦*

ખાનગી સ્કૂલોના સંચાલકોના ખોળે પહેલેથી જ બેસેલી રાજ્ય સરકારે આખરે વાલીઓની ૫૦ ટકા ફી ઘટાડાની આજીજીઓને ધરાર ફગાવી દઈ સ્કૂલ ફીમાં માત્ર ૨૫ ટકા જ ઘટાડાનો સંચાલકોને આદેશ આપવાનું નક્કી કરી લીધું છે. આમ પણ સંચાલકોએ તો ૨૫ ટકાથી તસુ ભાર ઘટાડો ન કરવાની અડોડાઈ રાખેલી જ હતી અને છેવટે તેમનું જ ધાર્યું આ સરકાર પાસે કરાવ્યું છે. વાલી મંડળ સાથે બેઠક કરી તેમને સહાનુભૂતિપૂર્વક સાંભળવાનું નાટક કર્યા બાદ હવે સરકાર બુધવારે મળનારી કેબિનેટમાં 'તમામ પક્ષકારોના વ્યાપક હિતમાં' સ્કૂલોને અત્યારે ૨૫ ટકા ફી ઘટાડો કરવાનો આદેશ આપતો 'સંવેદનશીલ' નિર્ણય લીધો હોવાની જાહેરાત કરે તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. હાઈકોર્ટમાં આખો મામલો પહોંચ્યો ત્યારથી જ વાલીઓ ૫૦ ટકા ફી માફીની જ વાત કરતા રહ્યા છે. વાલીઓની વાત સંચાલકોને સ્વીકાર્ય નહોતી. પહેલા તો સંચાલકોએ ધરાર ફી ઘટાડાની વાતનો જ છેદ ઉડાડેલો. પછી કહ્યું, જરૂરિયાતમંદ વાલીઓની ઘટાડીશું. પછી ૨૫ ટકાની વાત કરી અને સતત એને જ વળગી રહેલા. છેવટે તેમના ખોળે બેઠેલી સરકારે 'સંચાલકો અમારૃં માનતા નથી, તમે જ નક્કી કરો'ના રોદણાં સાથે હાઈકોર્ટમાં આવેલી. પણ કોર્ટે સ્પષ્ટ કહી દીધેલું કે, તમે સરકાર છો, નિર્ણય તમારે જ કરવાનો છે. એટલે ના છૂટકે ફી માફીનો નિર્ણય તો લેવો જ પડે એમ હતું. સંચાલકોને નારાજ કરવું પોસાય તેમ નહોતું આ સરકારને. નવાઈની વાત તો એ છે કે, લોકડાઉન અમલી હતું ત્યારે આ જ સરકારે સ્કૂલો બંધ રહે ત્યાં સુધી ખાનગી સ્કૂલોએ ફી વસૂલવી જ નહીં તેવો નિર્ણય કર્યો હતો. અને સંચાલકોએ આને હાઈકોર્ટમાં પડકારતા આખો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. દેખીતી રીતે જ સંચાલકો નારાજ થાય તેવો કોઈ નિર્ણય આ સરકાર કરવા નહોતી માગતી એ પહેલેથી જ સ્પષ્ટ હતું.

સરકાર અને વાલી મંડળ વચ્ચે મંગળવારે બેઠક યોજાવાની હોવાની સમાચાર વહેતાં થતાં આજે સાતથી આઠ મંડળના પ્રતિનિધિઓ ગાંધીનગર પહોચી ગયા હતા. પરંતુ તેમાંથી માત્ર ૪ મંડળના જ પ્રતિનિધિઓને એન્ટ્રી મળતાં વિવાદ થયો હતો. જેમાં આક્ષેપો થયા હતા કે, સરકાર મનફાવે તેવો નિર્ણય લેવામાં સફળ રહે અને કોઈ વધુ વિરોધ ના કરે તેના માટે પસંદગીના મંડળો સાથે જ ચર્ચા કરી હતી. નિષ્ણાંતોનું માનવુ છે કે, બેઠકમાં હાજર રહેવા માટે આવેલા તમામ વાલી મંડળના પ્રતિનિધિઓને સરકારે સાંભળવા જોઈતા હતાં. ૫૦ ટકા ફી માફી આપો અથવા સ્કૂલો વાસ્તવિક રીતે શરૂ ન થાય ત્યાં સુધીની ફી માફ કરો: ગુજરાત વાલી એકતા મંડળ

જ્યારે ગુજરાત વાલી એકતા મંડળના પ્રમુખ જયેશ પટેલે જણાવ્યું કે, સરકારની ૨૫ ટકા ફી માફીની જાહેરાત લોલીપોપ સમાન છે. સરકાર ૨૫ ટકા ફી માફી આપીને વાલીઓની મજાક ઉડાવી રહી છે. જો સરકાર ખરેખર સાચા અર્થમાં વાલીઓના હિતમાં ફી માફી કરવા માગતી હોય તો રાજ્યના શિક્ષણ વિભાગે કરેલા તારીખ ૧૬/૭/૨૦૨૦ના જ્યાં સુધી સ્કૂલો વાસ્તવિકરૂપથી શરુ ના થાય ત્યાં સુધીની ફી માફ કરવાના ઠરાવનો યોગ્ય અમલ કરવા આદેશ આપે અથવા ચાલુ વર્ષની ઓછામાં ઓછી ૫૦ ટકા શૈક્ષણિક ફી માફ કરે. ફી માફીની માંગ ચાલુ રહેશે. આગામી સમયમાં ફી માફીને લઈ આશ્ચર્યજનક કાર્યક્રમોની રણનીતિ ઘડવામાં આવશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૧૩૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૧૩૭૩૯૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૧૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૧૩૭૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૧૧૭૨૩૧**

## કોરોનાને પગલે મહારાષ્ટ્રમાં રદ કરાઈ નવરાત્રી

*મુંબઈ,તા.૩૦*

કોરોના વાઈરસના વધી રહેલા સંક્રમણને લઈને આ વખતે મહારાષ્ટ્ર સરકારે નવરાત્રી દરમિયાન રાજ્યમાં થનારા ગરબા સહિત સાંસ્કૃતિક કાર્યક્રમ પર રોક લગાવી દીધી છે. નવરાત્રી હવે નજીકમાં છે, તેમજ કોરોના વાઈરસને લઈને રાજયની સ્થિતિ ખૂબ જ ભયાનક છે, ત્યારે રાજ્ય સરકારે જાણકારી આપી છે કે, નવરાત્રી, દુર્ગાપુજા અને દશેરા જેવા તહેવાર સરળ રીતે ઉજવવામાં આવે. આ વર્ષ નવરાત્રિ ૧૭ ઓક્ટોબરથી શરૂ થવાની છે.

સરકાર દ્વારા ગરબાના આયોજન પર પ્રતિબંધ લગાવવા માટે કોરા સેન્ટર દાંડિયાના સંયોજક ગણેશ નાયડૂએ કહ્યું છે કે, અમે દિશાનિર્દશોનું પાલન કરવા તૈયાર છીએ.આ ઉજવણીના બદલે ડેન્ગ્યુ, મલેરીયા અને કોરોના મહામારીને ધ્યાનમાં લઈને જાગૃતિ કાર્યક્રમો તથા બ્લડ અને પ્લાઝમા ડોનેશનના આયોજન જેવી સેવાકીય પ્રવૃતિ કરવાની સૂચના આપવામાં આવી છે. તેમજ નવરાત્રી અને દુર્ગાપૂજા માટે સરકારે પ્લાસ્ટર ઓફ પેરિસ અથવા માટીની મૂર્તિઓને બદલે ધાતુની મૂર્તિઓની વાપરવાની સલાહ આપી છે.

નવરાત્રી અને દુર્ગાપુજા માટે સરકારે કહ્યું છે કે, મૂર્તિનું આગમન અને દર્શન માટે સરઘસ કાઢવામાં નહીં આવે તેમજ ભજન, આરતી અને કીર્તન જેવા કાર્યક્રમોમાં ભીડથી બચવા પર સલાહ આપી છે. વધુમાં કહ્યું છે કે, સંભવ હોય ત્યાં સુધી દેવી દર્શન માટે જવું નહીં. તેમજ દેવી દર્શન માટે ઓનલાઈન માધ્યમથી કેબલ નેટવર્કનો ઉપયોગ કરવામાં આવે.

## તંત્રી સ્થાનેથી...

# કોંગ્રેસનું પતનઃ સ્વાર્થી નેતાઓની જૂથબંધી કે બીજું કાંઈ....?

*દેશમાં અત્યારના સમયમાં સામાન્ય લોકોએજ કોરોના સહિતના સરકાર દ્વારા ઘડવામાં આવેલા જે તે નિયમો, કાયદા-કાનુનનુ પાલન કરે છે અને કરવાનુ છે... જેમાં રાજકીય હસ્તીઓ, રાજકારણી નેતાઓને મોટાભાગે આડકતરી રીતે બાકાત રાખ્યા હોય તેવી સ્થિતિ બની રહી હોવાની આમ પ્રજા માની રહી છે અને તેઓની તેમજ કેટલાક કોંગ્રેસ વફાદાર બુજર્ગ કોંગ્રેસીઓની ચર્ચા અનુસાર દેશની આઝાદી માટે તમામ રીતે ભોગ આપનાર કોંગ્રેસના મહાનુભાવોની તોલે આવનાર ભારતમાં એક પણ રાજકીય પક્ષ છેજ નહીં તેમ કહીએ તો અતિશયોક્તિ નથી......! કોંગ્રેસ સિવાયના એક પણ રાજકીય પક્ષના મહાનુભાવો પૈકી કોઈનું પણ બલીદાન દેશના ઈતિહાસમાં બોલતું નથી કે તેની નોંધ નથી.... ત્યારે દેશમાં આજે પણ ભાંગ્યું તોયે ભરુચની જેમ કોંગ્રેસ એકમાત્ર પક્ષ મજબૂત રહ્યો છે. કે જે આજે પણ સત્તાધારી પક્ષનો વિરોધ કરી રહ્યો છે અને લોકો હિત માટે લડત આપતો રહ્યો છે. જ્યારે અન્ય રાજકિય પક્ષોની નજરમાં માત્ર ખુરશી કે સત્તા પ્રાપ્તિનેજ મહત્વ અપાઈ રહ્યું છે.. તે એક હકીકત છે.....! લોકશાહીમાં માનતા કોંગ્રેસ પક્ષમાં સંપૂર્ણ લોકશાહી છે એટલા માટેજ કોગ્રેસ પક્ષમાં કોઈ પણ વ્યક્તિ પોતાના વિચારો કે મત મતાંતર વ્યકત કરી શકે છે જે અન્ય પક્ષોમાં નથી ચાલતુ. મોટાભાગના પક્ષો કોંગ્રેસમાંથી અને સમાજવાદી પક્ષમાંથી છૂટા પડેલા મહાનુભાવોએ સ્થાપિત કરેલા રાજકીય પક્ષો છે. પરંતુ મૂળ બાબત એ છે કે મોટાભાગના રાજકિય પક્ષો કોંગ્રેસનોજ વિરોધ શા માટે કરે છે....? કોંગ્રેસ ધીરી ગતિએ સત્તા કેમ ગુમાવતી ગઈ....? તો તેનું મુખ્ય કારણ છે કેટલા કોંગ્રેસનાજ નેતાઓએ એવો વ્યુહ અપનાવ્યો કે પોતાનું જ વર્ચસ્વ રહે બીજી હરોળની નેતાગીરી ઊભીજ ન થઈ શકે..... જે રીતે અન્ય મોટા ભાગના રાજકીય પક્ષોમા ચાલે છે તે રીતે....! અને કેટલાક નેતાઓના સ્વાર્થ અને હું પદને કારણે કોંગ્રેસ ધીરે ધીરે સત્તાથી વિમુખ થતી ગઈ....! છતાં આજે પણ કોંગ્રેસમાં લોકશાહી યથાવત બની રહી છે....!" કોંગ્રેસના પતન પાછળ અનેક કારણો છે.... પરંતુ કોંગ્રેસ નેતા અને સ્વ.પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ પંચાયતી રાજની વાત કરી હતી. જેમાં લોકો નક્કી કરે અને પંચાયતી રાજ નક્કી કરે અને તેનો વહીવટ કરે તેમાં રાજ્ય કે કેન્દ્ર સરકાર કોઈપણ પ્રકારની વહીવટમાં દખલ ન કરે. સામાન્ય માનવી સુધી કામગીરી થાય. ગામલોકો સરપંચને પકડી શકે....તેવી રીતે સામૂહિક નિર્ણય કે લોકો થકી કામો થાય. પરંતુ આ કારણે સ્થાનિક નેતાઓથી લઈને કેન્દ્ર સુધીના નેતાઓને રાજીવજીની આ વાત પચી નહીં... કે સ્વીકાર કરી શક્યા નહીં. તેના લીધે ભાજપા ધીરી ગતિએ આગળ વધતો ચાલ્યો. કોંગ્રેસના સમયમાં જે તે શિક્ષણ સમિતિઓમાં રાજકારણીઓને સ્થાન આપવામાં આવતું ન હતું પરંતુ કોંગ્રેસમાં ન હોય તેવા જાણકારોને સ્થાન આપવામાં આવતું હતું... તો સેનેટમાં પણ. આજે શું સ્થિતિ છે....? ભાજપામાં પણ એ જ સ્થિતિ બની રહી છે... પરંતુ કોંગ્રેસ પોતાની એક સીટ માટે શિક્ષણ સમિતિમાં શિક્ષીત વ્યક્તિની મૂકી શક્યા નહીં. પરિણામે કોંગ્રેસની ઈમેજ બગડતી ચાલી. આ તો ખરૂં પરંતુ કોંગ્રેસ સંગઠન માટે કોઈપણ નેતાએ ધ્યાનજ આપ્યું નહી. જોકે તેનું સેવાદળ મજબૂત છે પણ તેને અત્યારના સમય અનુસાર જે મહત્વ આપવું જોઈએ કે તેનું સંગઠન મજબૂત બનાવવું જોઈએ તેમાં ધ્યાન આપ્યું નહીં....! તો કોંગ્રેસ કાર્યકરોનું સંગઠન મજબૂત બનાવ્યું નથી.... અને કેટલાક નેતાઓના સ્વાર્થને તેમજ જુત મળ્યા બાદ ખરીદ-વેચાણમાં જોડાઈ ગયા... તથા જૂથબંધી વધુ ઊભી થઈ જેનુ પરિણામ કોંગ્રેસ ભોગવી રહી છે....! છતાં દેશમાં ભાજપાનો વિકલ્પ કોંગ્રેસજ બની શકે તેવું મોટા ભાગના લોકો માને છે. વિપક્ષો પોતાના સ્વાર્થને કારણે કોંગ્રેસ સાથે બેસવા તૈયાર નથી. ત્યારે લોકોની ઈચ્છે છે કે વિપક્ષો કોંગ્રેસ સાથે માત્ર લોકશાહી ટકાવવા માટે એક રૂપ બને તો ભારતનું ભવિષ્ય અને તેની લોકશાહી યથાવત રીતે ટકી શકશે.......!?*

## હાથરસ ગેંગરેપઃ માતા-પિતા વિરોધ કરતાં રહ્યા, યુપી પોલીસે રાતોરાત કરી દીધા અંતિમ સંસ્કાર

# પીએમ મોદીના આદેશ બાદ યોગી સરકારે કેસની તપાસ માટે ઘડી એસઆઈટી

## હાથરસ કેસઃ પીડિતાના પિતા બોલ્યા- અમને ઘરમાં બંધ કરી દીધા હતા, ખબર નહીં કોની લાશ સળગાવી



ન્યુ દિલ્હી,તા.૩૦

ઉત્તરપ્રદેશના હાથરસ જિલ્લામાં ૧૯ વર્ષની દલિત છોકરી પર ગેંગરેપ કરવામાં આવ્યો હતો. પીડિતે દિલ્હીના સફદરજંગ હોસ્પિટલમાં સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો. આ ઘટનાને પીએમ નરેન્દ્ર મોદીએ પણ ખુબ ગંભીરતાથી લીધી છે. તેમણે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ફોન કર્યો અને આ મામલે દોષિતો વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે. આ બાજુ યોગી આદિત્યનાથે ગેંગરેપ અને મર્ડર કેસની તપાસ માટે ૩ સભ્યોવાળી એસઆઈટીની રચના કરી છે. આ એસઆઈટી સમગ્ર તપાસ કરીને ૭ દિવસમાં પોતાનો રિપોર્ટ સોંપશે. હેવાનિયતનો ભોગ બનેલી યુવતીનું મૃત્યુ થતા ઉત્તર પ્રદેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. એમા પણ રાતોરાત પરિવારની હાજરી વગર જ અંતિમ સંસ્કાર કરી નાખતા પોલીસ પર અનેક સવાલો ઊભા થયા છે. આ સમગ્ર મામલો પીએમ નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો અને તેમણે તેને ગંભીરતાથી લીધો.

સીએમ યોગી આદિત્યનાથે ટ્વીટ કરીને કહ્યું કે પીએમ મોદીએ હાથરસની ઘટના પર વાત કરી છે અને કહ્યું કે દોષિતો વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. યોગી આદિત્યનાથે ગેંગરેપ અને મર્ડર કેસની તપાસ માટે ૩ સભ્યોવાળી એસઆઈટીની રચના કરી છે. આ એસઆઈટી સમગ્ર તપાસ કરીને ૭ દિવસમાં પોતાનો રિપોર્ટ સોંપશે. મળતી માહિતી મુજબ આ એસઆઈટીના અધ્યક્ષ સચિવ ગૃહ ભગવાન સ્વરૂપને બનાવવામાં આવ્યા છે. જ્યારે ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ચંદ્રપ્રકાશ અને આગ્રમાં પીએસીના સેનાનાયક પૂનમ તેના સભ્ય હશે. એસઆઈટી પીડિતાના પરિજનોને મળીને તેમના નિવેદનો લેશે અને આ સાથે જ મામલા સંબંધિત પોલીસકર્મીઓના નિવેદનો નોધી, ઘટનાનું કારણ અને કાર્યવાહીનું વિવરણ ભેગું કરીને શાસનને પોતાનો રિપોર્ટ સોંપશે.

પરિવારજનો અને ગામ લોકોનાં ભારે વિરોધ વચ્ચે હાથરસ ગેંગરેપ પીડિતાના મંગળવારે મોડી રાત્રે અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા છે. પીડિતાનો મૃતદેહ અડધી રાત્રે હાથરસ પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનોએ ભારે વિરોધ કર્યો હતો. પણ ભારે પોલીસ બળની તહેનાતી વચ્ચે યુપી પોલીસે ગેંગરેપ પીડિતાના અંતિમ સંસ્કાર કરી દેતાં ચકચાર મચી જવા પામી છે. અડધી રાત્રે જ્યારે મૃતદેહ ગામડે પહોંચ્યો તો ગામનાં લોકો અંતિમ સંસ્કાર માટે રાજી ન હતા. પણ પોલીસે ભારે વિરોધ બાદ પણ પીડિતાના અંતિમ સંસ્કાર કરી દીધા હતા. ગ્રામજનોનાં ભારે આક્રોશને જોતાં સમગ્ર વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

પીડિતાના પિતાએ કહ્યું કે, તેઓને ઘરમાં બંધ કરી દીધા હતા. પોલીસ ડેડ બોડીને લઈ ગઈ. અમે જોયું જ નથી કે આ લાશ કોની છે. પોલીસ મૃતદેહને સ્મસાન સુધી લઈ ગઈ અને અંતિમ સંસ્કાર કરી દીધા હતા. સાથે જ સાક્ષીઓનું કહેવું છે કે પોલીસે પરિવારજનોને અંદરથી બંધ કરી દીધા હતા અને બહાર પોલીસ ઉભી રહી ગઈ હતી. પિતાએ આરોપ લગાવ્યો કે, આ રીતે તો દેશની દીકરીઓ સુરક્ષિત નહીં રહે. તો પીડિતાના કાકાનું કહેવું છે કે, અંતિમ સંસ્કારમાં પરિવારનજનો સાથે ન હતા. જે પણ કર્યું છે તે પોલીસે કર્યું છે. તો પીડિતાના ભાઈએ કહ્યું કે, આખરે પોલીસને અંતિમ સંસ્કારની આટલી ઉતાવણ કેમ હતી. જ્યારે પીડિતાની માતાએ અગાઉ જણાવ્યું હતું કે, જ્યારે મેં મારી દીકરીને જોઈ તો તેના શરીર પર બહુ લોહી વહી રહ્યું હતું. મેં તેને પોતાનો દુપટ્ટો અને એ જ ખુનથી લથપથ કપડાં વડે તેને ઢાંકી દીધી હતી. દીકરીની જીભ પણ કાપેલી હતી.

કોંગ્રેસનેતા પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું છે કે રાતે ૨.૩૦ વાગ્યે પરિવારના સભ્યો આજીજી કરતા રહ્યા, પરંતુ હાથરસની પીડિતાના શરીરના તંત્રએ જબરદસ્તીથી અંતિમ સંસ્કાર કરી દીધા. જ્યારે તે જીવતી હતી ત્યારે સરકારે તેને સુરક્ષા ન આપી, જ્યારે તેની પર હુમલો થયો તોપણ સરકારે એ સમયે સારવાર ન આપી. યોગી આદિત્યનાથ રાજીનામું આપે.

# રિલાયન્સ રિટેલમાં ૦.૮૪% હિસ્સેદારી માટે ૩,૬૭૫ કરોડનું રોકાણ કરશે જનરલ એટલાન્ટિક



નવી દિલ્હી,તા.૩૦

રિલાયન્સ જિયોમમાં મોટું રોકાણ કર્યા બાદ હવે અમેરિકન પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ જનરલ અટલાન્ટિકમાં ૩૬૭૫ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. તેના બદલામાં કંપનીને રિલાયન્સ રિટેલમાં ૦.૮૪ ટકા હિસ્સેદારી મળશે. આ મહિનાના શરૂઆતમાં દુનિયાની દિગ્ગજ ટેક ઈન્વેસ્ટર કંપની સિલ્વર લેકએ પણ રિલાયન્સ રિટેલમાં ૭૫૦૦ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી. તેના બદલામાં કંપનીને રિલાયન્સ રિટેલમાં ૧.૭૫ ટકાની હિસ્સેદારી મળી છે. બીજી તરફ, અમેરિકન કંપની કેકેઆરએ રિલાયન્સ રિટેલમાં ૧.૭૫ ટકા હિસ્સેદારી ૫૫૫૦ કરોડ રૂપિયામાં ખરીદી છે. આરઆરવીએલની સહાયક કંપની રિલાયન્સ રિટેલ લિમિટેડ ભારતની સૌથી ઝડપથી વધી રહેલા રિટેલ બિઝનેસનું સંચલન કરે છે. રિલાયન્સ રિટેલમાં જનરલ અટલાન્ટિક ૦.૮ ટકા હિસ્સેદારી ૩૬૭૫ કરોડ રૂપિયામાં ખરીદશે. જનરલ અટલાન્ટિકે રિલાયન્સ રિટેલમાં ૪.૨૮ લાખ કરોડના વેલ્યૂએશન પર રોકાણ કર્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ જણાવ્યું કે, અમે જનરલ અટલાન્ટિકની સાથે અમારા સંબંધોને આગળ વધારવાની ખૂબ ખુશી છે. કારણકે અમે વેપારીઓ અને ગ્રાહકો બંનેને સામન રૂપથી સશક્ત બનાવવા અને અંતે ભારતીય રિટેલને બદલવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. રિલાયન્સ રિટેલની જેમ, જનરલ અટલાન્ટિક ભારત અને દુનિયાભરમાં પ્રગતિ, વિકાસ અને સમાવેશન માટે ડિજિટલ સક્ષમતાની મૌલિક ક્ષમતામાં વિશ્વાસ ધરાવે છે. જનરલ અટલાન્ટિકના મુખ્ય કારોબારી અધિકારી બિલ ફોર્ડે કહ્યું કે, જનરલ અટલાન્ટિક દેશના રિટેલ ક્ષેત્રમાં પર્યાપ્ત સકારાત્મક ફેરફાર લાવવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નવા બિઝનેસ મિશનનું સમર્થન કરવા માટે ઉત્સાહિત છીએ. જનરલ અટલાન્ટિકનું રિલાયન્સ ગ્રુપમાં આ બીજું રોકાણ છે. આ પહેલા તેણે જિયો પ્લેટફોર્મ્સમાં ૬,૫૯૮.૩૮ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરી હતી.દેશના સંગઠિત રિટેલ વેપારમાં રિલાયન્સે ૨૦૦૬માં શરૂઆત કરી હતી. સૌથી પહેલા આ કંપનીએ હૈદરાબાદમાં રિલાયન્સ ફ્રેશ સ્ટોર ખોલ્યા હતા.

કંપનીનો આઈડિયા હતો કે તે નજીકના બજારમાંથી ગ્રાહકોને ગ્રોસરી અને શાકભાજી ઉપલબ્ધ કરાવે. ૨૫,૦૦૦ કરોડ રૂપિયાની શરુઆતમાં કંપની કન્ઝૂમર ડ્યૂરેબલ્સ, ફાર્મસી અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટસ ઉપલબ્ધ કરાવવાનું શરૂ કર્યું. ત્યારબાદ કંપનીએ ઈલેક્ટ્રોનિક્સ, ફેશન અને કેશ એન્ડ કેરી બિઝનેસમાં પણ ડગલાં માંડ્યા. ઈલેક્ટ્રોનિક રિટેલ ચેનને કંપનીએ ૨૦૦૭માં લૉન્ચ કર્યું હતું. ત્યારબાદ ૨૦૦૮ અને ૨૦૧૧માં રિલાયન્સે ફેશન અને હોલસેલ બિઝનેસમાં રિલાયન્સ ટ્રેન્ડ્સ અને રિલાયન્સ માર્કેટની શરૂઆત કરી. ૨૦૧૧ સુધી રિલાયન્સ રિટેલના સેલ્સથી કમાણી ૧ અબજ ડૉલરને પાર પહોંચી ગઈ હતી. રિલાયનસ રિટેલની નજર લાખો ગ્રાહકો અને લઘુ અને નાના ઉદ્યમોને સશક્ત કરવા અને પસંદગીના ભાગીદારોના રૂપમાં વૈશ્વિક અને સ્થાનિક કંપનીઓની સાથે મળી કામ કરતા ભારતીય રિટેલ બજારને ફરીથી સંગઠિત કરવા પર છે.

## હાથરસ ગેંગરેપ પર ક્રિકેટર હરભજન કહ્યું- 'નિર્ભયા' પછી કંઈ બદલાયું નથી

ન્યુ દિલ્હી,તા.૩૦

ઉત્તર પ્રદેશના હાથરસમાં એક યુવતી પર સામુહિક દુષ્કર્મ થયાના સમાચાર મળતાં પીડિતાને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. અહેવાલો અનુસાર ગેંગરેપ બાદ આરોપીએ મહિલાની જીભ કાપી નાખી હતી, કરોડરજ્જુ અને ગળાનું હાડકું પણ તોડી નાખ્યું હતું. સમગ્ર દેશમાં આ યુવતીને ન્યાય મળે તેવી માંગ છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી, વરિષ્ઠ ક્રિકેટર હરભજન સિંહ અને પૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાએ પણ સોશિયલ મીડિયા દ્વારા આ ઘટના અંગે પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. ભજ્જીએ ટ્વિટર પર લખ્યું છે કે 'નિર્ભયા' પછી કંઇ બદલાયું નથી.

તમને યાદ અપાવી દઈએ કે ૨૦૧૨ માં દિલ્હીમાં નિર્ભયાની ઘટના બની હતી, જે પછી આખા દેશમાં આ ઘટના અંગે આક્રોશ હતો. આ પછી બળાત્કારને લગતા કાયદામાં પણ ફેરફાર કરવામાં આવ્યા હતા. ભજ્જીએ ટ્વિટર પર લખ્યું, દુઃખની વાત છે કે, નિર્ભયા પછીથી ભારતમાં કંઈ બદલાયું નથી! જીભ કાપી, ગળા અને કરોડરજ્જુ તૂટી ગયું પ તે આ ઘાતકી બળાત્કારથી બચી શકી નહીં અને તેનું મોત નીપજ્યું. દોષીઓને લોકોની સામે ફાંસી આપવી જોઈએ. સુરેશ રૈનાએ ટ્વિટર પર લખ્યું, 'તે સાંભળીને દુઃખ થાય છે. ઉત્તર પ્રદેશના હાથરસમાં મહિલાનો સતાવણી કરવામાં આવી, ગેંગરેપ થયો અને જીવનના જંગથી હારી ગઇ. આપણે ગુનેગારો સામે કડક પગલા ભરવા જોઈએ. હવે આ સમાપ્ત થવું જોઈએ, આપણી મહિલાઓને ડર્યા વગર બહાર નીકળવાનો અધિકાર હોવો જોઈએ. આ ઘટના અંગે વિરાટ હલીએ પણ ટ્વીટ કર્યું છે.

## ૨ દિવસની નવજાત બાળકીના શરીરમાં સ્ક્રૂ ડ્રાઈવરથી ૧૦૦થી વધારે કાણાં પાડી હત્યા

ભોપાલ,તા.૩૦

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે કે જેને સાંભળીને તમારું કાળજું કાંપી ઉઠશે, રૂંવાડા ઉભા થઈ જશે. અને તમે વિચારતાં રહી જશો કે હજુ તો હાલ દુનિયામાં પગ મૂકનાર બાળકી સામે આટલી ક્રૂરતા કોઈ માણસ કેવી રીતે આચરી શકે. ભોપાલમાં ૨ દિવસ પહેલાં જન્મ લેનાર બાળકીનાં શરીરમાં સ્ક્રૂ ડ્રાઈવરની મદદથી ૧૦૦થી વધારે વખત હુમલો કરવામાં આવ્યો અને પછી તેને શાલ ઓઢાડીને તેને મંદિરના કિનારે ફેંકી દીધી હતી. રાજધાની ભોપાલમાં ૧૫ દિવસોની અંદર નવજાત બાળકીની હત્યાનો આ ત્રીજો મામલો છે.

ભોપાલના અયોધ્યા નગર વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે પોલીસે જણાવ્યું કે, ૨૪ સપ્ટેમ્બરની સવારે બાળકીની લાશ મળવા અંગે જાણ થઈ હતી. જ્યારે પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા તો બાળકીની હાલત જોઈને તે લોકોનું પણ કાળજું કાંપી ઉઠ્યું હતું. નવજાતના શરીરમાં ૧૦૦થી વધારે કાણાં પડેલાં હતા, જે સ્ક્રૂ ડ્રાઈવરની મદદથી કરવામાં આવ્યા હતા.

પોલીસને પહેલાં શંકા હતી કે બાળકીને મંદિર પાસેથી ફેંકી દેવાને કારણે જાનવરોએ તેની આવી હાલત કરી હશે. પણ જ્યારે પોસ્ટમાર્ટમ રિપોર્ટ આવ્યો તો તેમાં ખુલાસો થયો કે બાળકીના શરીર પર સ્ક્રૂ ડ્રાઈવર વડે કાણાં પાડવામાં આવ્યા હતા.

## બિઝનેસ હેતુથી ગરબાને મંજૂરીની શક્યતા નથી, શેરી ગરબા અંગે બેઠક બાદ નિર્ણય લઈશુંઃ નીતિન પટેલ

ગાંધીનગર,તા.૩૦

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ગાંધીનગર ખાતે યોજાયેલી કેબિનેટ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. પટેલે કહ્યું હતું કે આજની બેઠક બાદ અમને બાબરી વિધ્વંસના ચુકાદાનો કોર્ટે જે નિર્ણય કર્યો છે તે અંગે જાણીને ખુશી થઈ છે. નીતિન પટેલે આ પ્રેસ કોન્ફરન્સમાં નવરાત્રિ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે નવરાત્રિના આયોજન અંગે રાજ્યસરકારનું સ્ટેન્ડ ખૂબ ક્લિયર છે. તેમણે પત્રકારોને જણાવ્યું કે 'આજે ભારત સરકાર દ્વારા અનલૉકની નવી ગાઈડલાઈન જાહેર થશે.ગુજરાત સરકાર ભારત સરકારની ગાઈડલાઈનને અનુસરી અને તેમાં કેટલી છૂટ આપવી જોઈએ તે નિર્ણય કરશે. આ વર્ષે નવરાત્રિના આયોજન અંગે રાજ્ય સરકારનું સ્ટેન્ડ ખૂબ ક્લિયર છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ જાહેરાત કરીને કહ્યું હતું કે અમદાવાદમાં યોજાતા રાજ્ય સરકારના વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવને મોકૂફ રાખવામાં આવશે. નીતિન પટેલે ઉમેર્યુ કે 'આ વર્ષે બિઝનેસ હેતુથી યોજાતા પાર્ટી પ્લોટનાં કે અન્ય મોટા આયોજનની દૃષ્ટીએ સરકાર તરફથી મંજૂરી નહીં મળે. જોકે, અન્ય મોટા આયોજનો અંગે આયોજકોએ સામેથી જ આયોજન ન કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં ગરબા યોજાવા જોઈએ કે નહીં તે અંગે અમે નિષ્ણાતોના અને તબીબો સાથે નાગરિકોના મત લીધા હતા. આમાં નિષ્ણાતોનો અભિપ્રાય એવો છે કે સરકારે ગરબાનું આયોજન કરવાની પરવાનગી આપવી ન જોઈએ. નીતિન પટેલે ઉમેર્યુ કે 'મોટા આયોજનો શક્ય નથી ત્યારે લોકો માતાજીની આસ્થા અને ભક્તિ માટે શેરીમાં જે ગરબીઓ કરેછે, તેમને કઈ રીતે પરવાનગી આપી શકાય કે આવા આયોજનો મર્યાદિત સંખ્યામાં કેવી રીતે યોજી શકાય તે અંગે હજુ કોઈ નિર્ણય કરાયો નથી. અમે સરકારની બેઠકમાં આ વિષય મૂકીને તે અંગે યોગ્ય નિર્ણય કરીશું.

## કોરોના સામે લડી રહેલ અમેરિકાની ૨૫૦ હોસ્પિટલો પર સાયબર હુમલો

વોશિંગટન,તા.૩૦


અમેરિકામાં આજે એક પ્રમુખ હોસ્પિટલ ચેઈનના તમામ હોસ્પિટલોની કોમ્પ્યુટર સિસ્ટમ સાયબર અટેકને કારણે ઠપ થઇ ગઇ હતી. કંપનીએ આ સમસ્યાને ટેકનોલોજીની સાથે જોડાયેલી સુરક્ષા સમસ્યા ગણાવી હતી. આ દરમિયાન તમામ ડોક્ટરો અને નર્સોને ઓનલાઇનને બદલે દરેક જગ્યાએ કાગળ અને પેનનો ઉપયોગ કરવો પડયો હતો. યુનિવર્સલ હેલ્થ સર્વિસિસના અમેરિકામાં ૨૫૦થી વધુ હોસ્પિટલો અને ક્લિનિકલ સેવાઓ છે.તેણે પોતાની વેબસાઇટ પર એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે હાલમાં તેનું નેટવર્ક ઓફલાઇન હોવાથી ડોક્ટર અને નર્સ કાગળ અને પેનનો ઉપયોગ કરી દર્દીઓને રેકોર્ડ રાખી રહ્યાં છે. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં સામેલ અને ૯૦,૦૦૦ કર્મચારીઓ ધરાવતી આ કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે દર્દીઓની સારવાર ચાલી રહી છે. કોઇ પણ દર્દીની માહિતીની કોપી કે દુરુપયોગ

# હાથરસ ગેન્ગરેપની ઘટના પર ભડક્યુ બોલીવુડ, દોષીઓને કડક સજા કરવાની માંગ કરી



મુંબઈ,તા.૩૦

બૉલીવુડ એક્ટર અક્ષય કુમાર, ફરહાન અખ્તર, ઋચા ચઢ્ઢા સહિતના અન્ય સેલેબ્સે ઉત્તર પ્રદેશના હાથરસમાં ૧૯ વર્ષની છોકરી પર થયેલા સામૂહિક દુષ્કર્મ અને તેના મોત મામલે દોષીઓને કડક સજા કરવાની માંગ કરી છે. છોકરીનો ૧૪ સપ્ટેમ્બરે સામૂહિક બળાત્કાર થયો, તેને અલીગઢના જવાહરલાલ નહેરુ મેડિકલ કૉલેજ અને હૉસ્પીટલમાં ભરતી કરાવવામાં આવી હતી. બળાત્કાર બાદ આરોપીઓએ યુવતીની ગળુ દબાવીને હત્યા કરવા માંગી હતી, અને તેને બચવાના પ્રયાસમાં પોતાની જ જીભ કાપી નાંખી. તેની સ્થિતિમાં કોઈ સુધારો ના આવતા સોમવારે તેને દિલ્હીની સફદરગંજ હૉસ્પીટલમાં ભરતી કરાવવામાં આવી, જ્યાં તેનુ મોત થઇ ગયુ, અને મંગળવારે મોડીરાત્રે તેનો અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યો હતો. આ ઘટનાને લઇને બૉલીવુડ બહુજ ગુસ્સામાં આવી ગયુ છે. તેમને લઇને સોશ્યલ મીડિયા પર પોતાના મત વ્યક્ત અને માંગ કરી છે. અક્ષય કુમારે લખ્યું- ઘટનાથી તે બહુજ ક્ષુબ્ધ અને નિરાશ છે, અને તેને દોષીઓને ફાંસી આપવાની માંગ કરી છે. અક્ષય કુમારે લખ્યું- હાથરસ સામૂહિક બળાત્કારમાં આટલી ક્રૂરતા, બર્બરતા. ક્યારે બંધ થશે આ બધુ? આપણો કાયદો અને તેનુ અનુપાલન એટલુ મોટુ હોવુ જોઇએ કે સજાનુ વિચારીને જ બળાત્કાર કરનારાઓ કાંપી જાય. આવા દોષીઓને ફાંસી પણ લટકાવી દેવા જોઇએ. દીકરીઓ અને બહેનોની સુરક્ષા માટે અવાજ ઉઠાવો, આપણે કમ સે કમ આટલુ તો કરી શકીએ છીએ. અભિનેત્રી કૃતિ સેનને લખ્યું- આ શેતાન હવે આ અમાનવીય કૃત્યોના પરિણામોને સમજશે? હું એવી કોઇ સજા નથી વિચારી શકતી કે આ બર્બરતા માટે પર્યાપ્ત હોય. ફાંસી આપવી? માથામાં ગોળી મારવી? સાર્વજનિક રીતે પથ્થર મારીને હત્યા કરવી? છતાં લાગે છે કે આ બધુ ઓછુ છે. ઋચા ચઢ્ઢાએ લખ્યું છે- હાથરસ પીડિતાને ન્યાય મળે, તમામને સન્માનની સાથે જીવવાનો અધિકાર છે, દોષીઓને સજા આપો.



ગુહાહાટીમાં તાજેતરના વરસાદના કારણે પાણીનું સ્તર વધી જતાં બાળકો બ્રહ્મપુત્રા નદીમાં બિર લાચિટ બોર્ફુકન પ્રતિમા નજીક પાણીમાં ધુબાકા મારતા જોવા મળ્યા.

# બાળવાર્તા ૩૩
# બદલો વાળ્યો




રાઘવને રોજ નદી કિનારે ફરવા જવાની આદત હતી.તે ત્યાં જતો ને ફરીને સાંજનો સૂર્યાસ્ત જોઈ પાછો આવતો.તે નાનો હતો ત્યારથી ગામ પસાર કરી નદી પર આવતો,રસ્તામાં જે ઝાડ પાન ,જાનવર,પક્ષી જરા પણ તકલીફમાં દેખાય કે મદદ કરવા દોડી જતો.તેણે એટલા ઝાડ વાવ્યા છે,તેણે એટલા રસ્તા સાફ કરી અને ગામના રસ્તા બનાવ્યા હતા.એકવાર નદી કિનારે એક મગર ઘાયલ થઈને પડ્યો હતો.તે જરા પણ હાલી ચાલી નહોતો સકતો.એની પાસે જતા ભલભલા ગભરાતા હતા.રાઘવને પણ શરૂઆતમાં ખૂબ જ ડર લાગ્યો પણ પછી તેણે જોયું કે તે તો નિર્જીવ જેવો છે,તે ધીરે રહી તેની પાસે ગયો.તેને ગળામાં ને પગમાં ને આંખમાં વાગ્યું હતું.તેના પગ કાંટાવાળા વાયરથી ભરાય જઈને ઢીલા પડી ગયા હતા.

રાઘવે તેની રોજ રોજ સેવા કરી,રોજ તેને દેશી પાંદડાનો લેપ લગાડતો,ઘા સાફ કરતો,મગર આંખો ખોલતોને તેને જોઈ લેતો,દર્દ થતું તો તેની આંખમાં આંસુ આવી જતા.રાઘવ પણ તેની સાથે દુઃખી થતો.ગામવાળા

રાઘવને સમજાવતા કે જેમ જેમ સારો થતો જાય તેમ તેમ તું એનાથી દૂર રહેજે.

દસ પંદર દિવસ વિતી ગયા મગર સારો થઈ ગયો હતો.તે રાઘવની રાહ જોય કિનારા પર પડ્યો હતો.રાઘવ આવ્યો એટલે તે પૂંછડી હલાવા લાગ્યો , રાઘવ તેની જાડી ખરબચડી પીઠ પર હાથ થપથપાવ્યો તે ડોકી હલાવીને નદી તરફ શરક્યો.રાઘવે તેને હાથ હલાવીને તેને વિદાય આપી.

રોજ રાઘવ નદીએ જતો ને એ જ સમયે મગર પણ બહાર આવી તેની પાસે બેસતો.ઘણીવાર રાઘવ નદી પાર કરી હોડીમાં બેસી સામે ગામે કામકાજ કરવા જતો.એકવાર તે આમ જ ગયો હતો પણ પાછા આવતા તો ઊપરવાસના વરસાદને કારણે ઘોડાપૂર આવી ગયું. હવે સામેપાર જવું કેમ? તેની મા તો ચિંતા કરી કરીને અડધી થઈ જશે.તેણે હોડીવાળાને વિનંતી કરી પણ તે તૈયાર ન થયો. પાણી તો વધતું ગયું ક્યાંય પગ ન મૂકાય એવી હાલત હતી.

રાઘવ તો હવે ઝાડની ટોચ પર ચઢી ગયો,તેને થયું હવે મોત નક્કી જ છે.અંધારું વધતું ગયું.રાઘવ ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો.જબરજસ્ત રીતે ઝાડ સાથે પોતાની પછેડીથી બાંધ દીધોવીજળીના કડાકા ભડાકા થાય તે ડરી જાય,ચમકી જાય.આંખન મીંચાય માટે રામ રામ કરી ભગવાનનું નામ જપતો જાય.પણ કહેવત છે ને રામ રાખે તેને કોણ ચાખે. બસ જેમ તેમ રાત વિતી વરસાદ બંધ થયો,પાણી ઓછા થયાને સૂરજદાદા નિકળ્યા એટલે રાઘવના જીવમાં જીવ આવ્યો.

ત્યાંતો તેની નજર દૂરથી નદીમાં કાળી મોટી ચીજ તરતી આ બાજુ આવતી દેખાય.એણે જોયું તો એક નહિ

બે નહિ પણ ચાર ચાર મગર એક સાથે તરાપા ની જેમ સાથે પગમાં પગ ભેરવી આવી રહ્યા હતા.કિનારે આવી

એક મગરે ડોક હલાવી બધા મગરે ડોક હલાવી.રાઘવ નજીક ગયો ,પેલા મગરોએ મોટો તરાપોજ બની ગયા.

એ કંઈ સમજે તે પહેલા એક મગરે તેને પગેથી ખેંચી પોતાની પાસે ખેંચ્યો એણે જોયું તો આતો આંખ પાસે ઘા થયો હતો તે એનો મિત્ર જ હતો.

રાઘવ હવે ડર્યા વગર તેની પીઠ પર બેસી ગયો.પેલા ચારે સાથે તરે જ જાય છે.રાઘવને તો મજા જ મજા આવી ગઈ.તેણે સામે નજર કરી ગામ આખું નદી

કિનારે ઊભું છે ને રાઘવને આમ રાજાની જેમ આવતો જોય ચીંચીંયારીઓ પાડી રહ્યું છે.રાઘવને કિનારે ઉતારી ત્રણ મગર તો પાછા વળ્યા પણ તેનો મિત્ર ...હા બાળકો

આપણે તેને હવે મિત્ર જ કહીએ તે ત્યાં ઊભો રહ્યો અને તેની આંખો બે ત્રણ વાર પટપટાવી વિદાય માંગી.નદી કિનારે માનવ મહેરામણ તો આ ભાવવિભોર દ્રશ્ય જોય જ રહ્યું .રાઘવ તેની પાસે બેસી ગયો તેના ગળે વળગી તેની પીઠ થપથપાવી તેને જવા દીધો.

આમને આમ મિત્ર ઘણાં વરસો સુધી લોકો બન્ને મિત્રોની વાતો કરતા રહ્યા ને બન્નેની મિત્રતાને બિરદાવતા રહ્યા..કહેતા કે મગરે જે નથી બોલી શકતો છતાંય કેવો મિત્રતાનો બદલો વાળ્યો કોણ કહે છે જંગલી પ્રાણીમાં સમજ નથી હોતી..તેઓને તો સુંદર હૃદય હોય છે.માનવે તે કેળવવું પડે છે.

જયશ્રી પટેલ

# સાહિત્ય સરિતા

## NG NO:004

**પથ્થર**

મારા માટે પથ્થરની કિંમત બહુ જ છે.પથ્થર એટલે મારા બાળપણની રમતોનું અનોખું રમકડું હતું.
શરૂઆત કરું તો નાનો પથ્થર કે સપાટ પથ્થર લઈ ઠીકરી રમતી..એમાંથી એક પગનું બેલેન્સ રાખતા શીખી..ધીરે ધીરે એ રમતથી માનસિક સંતુલન આવ્યું.બીજી બાજું પતંગના દોરામાં નાના પથ્થરને બાંધી લંગર બનાવીને દૂર ઉંચાઈ પરથી પતંગ કે છાપરે,ઝાડ પર કે ઇલેક્ટ્રીકનાં થાંભલેથી ચીજ વસ્તું ઝડપી લેતા શીખી..નિશાન તાકતા સાત ઠીકરીની રમત ..બરાબર નિશાન તાંકી રમતની શરૂઆત થતી..જીત્યા તો સારા સારા પત્થરને સંગ્રહ કરી લેતા શીખીને ત્યાં મને કિંમતી ચીજોનો સંગ્રહ કરવાની મજા આવવા લાગી..મારો બગીચો શોભવા લાગ્યો કિંમતી પથ્થરોથી..

ગોવર્ધન પર્વતને ટચલી આંગળી પર ઉંચકી ઈન્દ્રના રોષથી વ્રજની ભૂમિની ને ગોપ ગોપીની રક્ષા કૃષ્ણે
કરી..તેની પરના પથ્થરો ગર્વથી ફૂલાય ગયા..આજે પણ
ત્યાં પત્થરને સુંદર ગોવર્ધનનું રૂપ આપી દૂધ સ્નાન કરાવી પૂજા થાય છે.તો તેજ જગ્યાના નાના મોટા પત્થર લઈ સરસ રીતે ગોઠવી નાના અમથાં ઘરનું રૂપ આપી જાત્રાળુઓ પોતાની મનોકામના પૂર્ણ કરે છે.માન્યતા છે
આ રીતે કરી જાત્રાળુઓ પોતાના સ્વપ્નાંનું ઘર મેળવવાની મનો કામના કરે છે,પૂર્ણ થાય તો ફરી આવી ગોવર્ધન પર્વતની પરિક્રમા કરી ફરી એ જ પથ્થરોને મહેલ જેટલું માન આપી ઘર બનાવે છે..આમ પથ્થરની કિંમત તેને ગર્વ થાય એટલી તો માનવ કરી જ દે છે.ઉંચા શિખરોની નજરે આ પથ્થરોની કિંમત નહિ જેવી જ હોય છે પણ તળેટીમાં રહેલા આ પથ્થરો કોઈના મહેલના સ્વપ્ન સમાન હોય છે.

અંબાજીનો ગબ્બર આજે પણ ત્યાંથી ભક્તોને માવડીના ઝળહળતા દીવાનો સાક્ષી બની દર્શન કરાવે છે.કેટલાય વર્ષોના ટાઢ -તડકા- વરસાદ કે આંધી તોફાનનો સાક્ષી છે..ધરણી ધ્રુજી હશે પણ સાધુની તપશ્ચા કરતો હોય તેમ સ્થિતપ્રજ્ઞતા ધારણ કરી ત્યાં જ અડીખમ હાજરી પૂરાવે છે..ને શીખવે છે કે અચળ રહો ને મુશ્કેલીથી ન ડરો..તો ત્યાં જઈ હું સ્થિતપ્રજ્ઞતા શીખી છું..જયાં જયાં ફરી પથ્થરો ભેગા કરતી..તેઓ મારી જિંદગીમાં મહત્વનું સ્થાન ધરાવે છે..

દરિયા કિનારો પ્રિય જગ્યા છે .કિનારા પર મળતા રંગબેરંગી સમુદ્રની તળેટીના ઉલેચાયેલા પત્થરો મારા દિવાનખાનાની શોભા છે..ક્યારેક લાગે છે કહી રહ્યા છે
તારી સૂમસામ જિંદગીના અમે મિત્રો છે..આથી જ પથ્થરો મારી જિંદગીને ક્યારેય પથ્થર નથી બનવા દીધી..મે હંમેશા પથ્થરમાંથી કંડારેલી સુંદર ભગવંતની મૂર્તિમાં જ શ્રદ્ધાને કંડારી જીવની રૂપરેખા રચી છે તેથી ઠોકર વાગતા પહેલા પથ્થર મને માર્ગ બતાવી દે છે..??
જયશ્રી પટેલ

---

## NG NO: 005

**કર્મયોગી**

સૂર્ય નિત્યકર્મ મુજબ ધરતીની સફરે નીકળે તે પહેલાં તો કાનજી તેનું હળ અને કોઠારના તળીયે પડેલાં દાણાં લઈને ખેતરે જવા નીકળી ગયો.
રૂપા તેની પાછળ દોડી, "તને કેમ સમજાવું? બે વર્ષથી ઉપરવાળો રિસાયો છે. વરસાદનું એક ટીપું નથી પડ્યું. ઘરમાં પડેલાં ચાર મૂઠી દાણાથી છોકરાઓનું પેટ ઠારવાનું વિચારતી હતી અને તું એ દાણા વાંઝણી ભોંયને ધરવા નીકળી ચાલ્યો?"
કાનજી ઘડીક અટકી ગયો. તેનાં સૂકાભઠ્ઠ હાસ્યની પાછળ ગજબનો વિશ્વાસ ચમકતો હતો.
"અરે ગાંડી ઉપરવાળો તેનું કર્મ ભૂલ્યો છે! હું નહીં! આ શ્વાસ ચાલે ત્યાં સુધી હું મારું કર્મ કરીશ! મને વિશ્વાસ છે તેને પણ તેનું કર્મ યાદ આવી જશે."
વિશુદ્ધ વિશ્વાસે આકાશ તરફ નજર કરી સીમ ભણી જતા કાનજીને જોઈ સફેદ વાદળી શરમાઈ ગઈ.
વંદના વાણી

---

હું માનવી માનવ થાઉં તો ઘણું
ઈશ્વરની સર્વોત્તમ કૃતિ એટલે માનવી.જે બોલી શકે છે.પોતાના વિચારોને
જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તે શીખવા માંડ્યો.શીખતાં શીખતાં તે સંસ્કારી માનવ બનવા લાગ્યો.તેનો દેખાવ,તેની રહેણી કરણી, તેનો સ્વભાવ બધુંજ ઉત્તરોત્તર બદલાતું રહ્યું.આમ પૃથ્વી પર માનવને વસાવીને પૃથ્વીને બીજું સ્વર્ગ બનાવ્યું.કહેવાય છે કે સદીઓ પહેલાં ધરતી પર સ્વર્ગ હતું પરંતુ સ્વર્ગ એટલે શું?સ્વર્ગ એટલે જ્યાં એક માનવી બીજા માનવીને પ્રેમ કરે.જ્યાં કોઈ ઝઘડાઓ કે કંકાસને અવકાશ ન હોય.હંમેશા એકબીજાની મદદ કરવા તત્પર હોય તેવો સમાજ.જ્યાં રાગ, દ્વેશ,કે ઈર્ષ્યાને કોઈ સ્થાન ન હોય.જ્યાં કોઈના પર પણ અન્યાય ન થતો હોય.બધેજ સુખ શાંતિ અને આનંદ પથરાયેલો હોય.કોઈ ઊંચ નહી,કે કોઈ નીચ નહી.કોઈ ગરીબ નહીં અને કોઈ તવંગર નહીં.સર્વ જગતમાં માનવતાની મહેકફેલાતી રહે.તેનેજ સ્વર્ગ કહેવાય.આ રીતનું વર્ણન રામાયણમાં છે.પરંતુ આજે આ સિનેરીયો એક સ્વપ્ન સમાન લાગે છે.આજે તો સવારના ઊઠતાં ઠ વી ચાલુ કરો એટલે લૂંટફાટ,ખૂન, બળાત્કાર,ભ્રષ્ટાચાર,આતંકવાદ જેવા મથાળા સાથેના સમાચારોની ભરમાર દેખાય છે.જે વાંચીને એમ થાય કે; ઈશ્વરે રચેલી કૃતિ આટલી બધી વિકૃત છે?જ્યાં ભાઈ ભાઈજ પૈસાને ખાતર એકબીજાના ખૂન કરે છે.નાની નાની બાબતો માટે એકબીજાના વિશ્વાસનો ઘાત કરે છે.એક દેશ બીજા દેશની જમીનનો ટૂકડો લેવા માટે નેક નિર્દોષ માણસોને હણી નાંખે છે.શું આવો માનવી ઈશ્વરે રચ્યો હતો?ના! ઈશ્વરે તો માત્ર માનવીજ રચ્યો હતો.જેનો ન તો કોઈ ધર્મ હતો , ન કોઈ જાતિ.આપણેજ આ બધાનો ચક્રવ્યુહ રચ્યો અને ધીમે ધીમે એમાં ફસતા ગયાં.અને આ ચક્રવ્યુહમાં ફસાઈને રહેવું આપણને સહુને કોઠે પડી ગયું છે.કોઈને આ ચક્રવ્યુહ તોડવો નથી.કારણકે આપણે જાણીએ છીએ કે જો આ ચક્રવ્યુહને તોડી આપણે બહા, જઈશું તો આપણે કદાચ માનવીમાં નહી ખપીએ ;પશુમાં ખપી જઈશું.કારણ માનવી એ ટોળાંનો માણસ છે.દરેક વ્યક્તિએ એટ વાત જરૂર સમજી લેવી જોઈએ કે આપણે કદાચ કોઈ બહી મોટી હસ્તી ન બની શકીએ તો કંઈ નહીં, પરંતુ એક માનવ તો બનીજ શકીએ.શ્ર?
આરતી મરચંટ મુંબઈઃ કાંદિવલી.

---

## N.G.NO:25

સૌંદર્ય નિશા તણાં.
તારલાં ઘણાં,
પણ તેજ જરા,
અને ચંદ્રકળા,
એ સૌંદર્ય નિશા તણાં.
નભ નમણાં,
નિંદ્રામાં શમણાં,
ઘણી ભ્રમણાં,
એ સૌંદર્ય નિશા તણાં.
જીણા તમરા,
રાતના ભમરા,
બંધ કમરા,
એ સૌંદર્ય નિશા તણા.
સંગાથ તારો,
સાથ મારો,
ઓ નિશા,
મિલન અમારો,
હા, એ સૌંદર્ય નિશા તણાં.
રજનીનો રંગે રંગ,
મળે અંગે અંગ,
'સુજ્ઞ' સંગે સંગ.
એ સૌંદર્ય નિશા તણાં.
તું નીરવ રાત,
હું પ્રણય વાત,
વાતમાં પૂરી રાત,
હવે,
એંધાણ છે પ્રભાત તણાં,
પણ એ'ય,
સૌંદર્ય નિશા તણાં.
-'સુજ્ઞ'
ભુમિત પિઠડિયા

---

કાવ્ય, શીર્ષક - જીવન
ખરેખર, જીવન એટલે શું?
તડકા પછી આવતો છાંયો કે પછી
છાંયા પછી આવતો તડકો?
ખરેખર, જીવન એટલે શું?
મોટામસ બંગલાની એકલતાનું દુઃખ કે પછી
ઝુંપડીની ગીચતાનું સુખ?
ખરેખર, જીવન એટલે શું?
પુસ્તકીયુ જ્ઞાન લઈ ફિલસૂફીની વાતો કરવી કે પછી
ગણતરના જ્ઞાનથી આનંદને પામવો?
ખરેખર, જીવન એટલે શું?
યૌવનનું પર્યાય વસંત કે પછી
ઘડપણનું પર્યાય પાનખર?
ઈશા શુક્લ
જામખંભાલીયા
જિલ્લો-દેવભૂમિ દ્વારકા




# હમરાહી ફાઉન્ડેશન અને સ્વરાલયના ઉપક્રમે લતાજીના ગીતો અને સમાજસેવકો નો સન્માન સમારોહ

ભારત રત્ન× અને ×દાદાસાહેબ ફાળકે× એવોર્ડ થી સન્માનિત એવા ભારતીય સુર સમ્રાજ્ઞિ.. લતા મંગેશકર નો જન્મદિવસ અમદાવાદ માં ×સ્વરાલય ×અને ×હમરાહી ફાઉન્ડેશન ×દ્વારા ખુબ વિશિષ્ટ રીતે ઉજવવામાં આવ્યો હતો.

૨૮મી સપ્ટેમ્બર ના રોજ રાત્રે.. લતાજી ના ગીતો ગાવાનો કાર્યક્રમ આ ×સ્વરાલય× અને ×હમરાહી ફોઉન્ડેશન× ના પ્રેસિડેન્ટ શ્રી રાહી રાઠોર અને વાઈસ પ્રેસિડેન્ટ કુ. કશિશ દ્વારા વિશિષ્ટ રીતે રાખવામાં આવ્યો હતો. આ રાત્રે સાવ નવા ગાયકો ને ગીતો ગાવા ની તક આપી ને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ લતાજીના જન્મદિવસ ને યાદગાર બનાવવા... નવા ગાયકોને સ્ટેજ આપી ને તેમના કન્ઠ ને લોકો સુધી પંહોચાડવા નો સ્તુત્ય પ્રયત્ન કરવા માં આવ્યો હતો. તેમની ગાયકી ની ભારે પ્રશંશા કરવામાં આવી હતી. ઘણા ગાયકો મોટી ઉમરના હતા તો ઘણા નિવૃત વયની ઉમરના હતા. ઘણા સારો વ્યવસાય ધરાવતા તો ઘણા સાવ સામાન્ય વ્યવસાય ધરાવતી વ્યક્તિઓ હતી. પણ સ્ટેજ પર.. ગીતો ગાતી વખતે કોઈ ભેદ જણાતો ના હતો. બધાએ ગીતો ગાવા સાથે ખુબ ×ખુશી× ઉજવી હતી. ગીત-સંગીત ને કોઈ ભેદ ભાવ હોતો નથી. આ સંસાર ના બધા લોકો ગીત સંગીત થી જ દુઃખ -દર્દ ને થોડો સમય ભૂલી ને.. ખુશીનો રંગોત્સવ ઉજવાતા હોય છે.




આ ગીતોત્સવ સાથે આ સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રી રાહી મેડમ અને કુ. કશિશ મેડમે...

લોકડાઉન અને અનલોકડાઉન દરમ્યાન સમાજસેવા કરનાર વિવિધ વર્ગના સેવકો નું × શાલ અને પ્રમાણપત્ર× આપી ને ખાસ ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પત્રકાર અને લેખક તરીકે શ્રી પ્રદીપ ત્રિવેદી, પ્રિન્ટ મીડિયા માં શ્રી જયેશ પ્રજાપતિ, ડીજીટીલ મીડિયામાં શ્રી હિમાંશુ વોરા, સોશ્યલ વર્ક માં શ્રી રિઝવાન આંબલીયા, મેડિકલ માં ડૉ. સલીમ કુરેશી ( જેમણે ખાસ ફ્રી માં મેડીકલી સેવા આપી હતી ) તેમજ સફાઈ કામદારો નું પણ બહુમાન કરવાનો સમાવેશ થતો હતો.

હમરાહી ફાઉન્ડેશન અને સ્વરાલય સંસ્થા આમ પણ કોરોના વૉરિયર - હીરો ગણાતા ડોકટરો, નર્સ, સફાઈકામદારો, પોલીસ, અને સોશ્યલ વર્કરો ની સેવા ને બિરદાવી ને સમયાંતરે.. સન્માન કરતી રહે છે. એટલું જ નહીં આ સંસ્થા, દર મહિના ના તેમના ×ફાઉન્ડેશન -ડે× ૨૧મી તારીખ ના રોજ સમાજ ના વિવિધ વર્ગો ના સમાજ સેવકો નું સન્માન અને સમાજ ના જરૂરિયાતમંદ વિવિધ વર્ગો ના લોકો ને વિવિધ કીટ, પુસ્તકો, સ્ટેશનરી, કપડાં, પગરખાં, જેવી જરૂરિયાતવાળી વસ્તુઓ માનભેર સહર્ષ આપી ને ખુશી મેળવે છે.. ખુશી ઉત્સવ ઉજવે છે.

×હમરાહી ફાઉન્ડેશન× ના પ્રેસિડેન્ટ શ્રી રાહી મેડમ ખરેખર સૌકોઈના હમરાહી છે. તેઓ ×સિક્રેટ સાન્તાકલોક્સ ×છે તેઓ હંમેશા છાની છુપી રીતે કોઈને મદદ કરવા માં માને છે. મદદ લેનાર નું પણ માન -સન્માન જળવાવું જોઈએ એ રીતે તેમને એ સિક્રેટ રહી ને મદદ કરે છે. વળી તેઓ સાન્તાક્લોઝ એટલે છે કે તેઓ.. હંમેશા.. ×ખુશીઓ નો થેલો × ખભે રાખી ને ફરતા હોય છે ! હા તેઓ લોકો ને બધું આપી ને પણ ખાસ × ખુશ × જોવા ઈચ્છતા હોય છે. ખુશીઓ વ્હેંચતી.. ×ખુશ -પરી× છે.! તો... તેમની યુવા દીકરી કશિશ પણ ... મોમ થી ઉતરતી નથી ! તેમને બાળકોની પ્રવૃત્તિ ખુબ ગમે છે. તેઓ એ હમણાં જ આર્કીટેક ની ડિગ્રી ગોલ્ડમેડલ સાથે મેળવી છે. તેમણે થનગનતી યુવાની ના જોશ અને હોશ ને સેવાકીય પ્રવૃત્તિ અને ગીત સંગીત ક્ષેત્રે વાળી છે. તેમને પણ આ બધી ખુશી આપતી પ્રવૃતિઓ ખુબ ગમે છે.

પ્રદીપ ત્રિવેદી- (૯૯૯૮૩૩૫૪૮૮)

### श्री परशुराम इंटरनेशनल के स्थापना दिवस और ब्राह्मण एकता दिवस ३० सिंतबर पर

# सनातन धर्म संस्कृति के प्रतीक को सुरक्षित रखने एवं बाबरी विध्वंस मस्जिद के आरोपित नेताओं को बरी किया करने के ऐतिहासिक फैसले के रुप में भी याद किया जाएगा।





बाबरी केसः २८ साल बाद आडवाणी, जोशी सहित सभी ३२ आरोपी बरी आखिरकार बाबरी केस मामले में २८ साल के फैसला आ गया है। लखनऊ की स्पेशल सीबीआई कोर्ट ने बाबरी केस मामले में फैसला सुनाते हुए मुरली मनोहर जोशी, लालकृ ष्ण आडवाणी, उमा भारती, कल्याण सिंह, नृत्यगोपाल दास सहित सभी ३२ आरोपियों को बरी कर दिया। आप सब को श्री अडवाणी जी,श्री मुरलीमनोहर जोशी जी और सभी नेताओं के बरी होने पर मुबारकबाद। और आज के दिन श्री परशुराम इंटरनेशनल का स्थापना दिवस ३० सिंतबर भी है। आपका डॉ स्वास्तिक शर्मा अध्यक्ष श्री परशुराम इंटरनेशनल पंजाब प्रदेश । राष्ट्रीय प्रवक्ता प्रदीप रावल

# GVK EMRI 108 ઈમરજન્સી ધ્વારા ગાંધીનગર ના રાધે-રાધે પરીવાર ગ્રુપને સર્ટિફિકેટ એનાયત

જય ભારત સાથે જણાવવા માંગુ છું કે હાલમાં સમગ્ર વિશ્વભરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે જેથી સમગ્ર જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. આવા કપરા સમયમાં સરકાર પણ પોતાની ફરજ ખુબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. અને સાથે સાથે સરકાર સાથે રહી રાષ્ટ્રસેવા માં કેટલાક સમાજસેવકો અને યુવાનો દેવદૂત બનીને જનતા ની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી.જેમાં ની ગાંધીનગર માં કાર્યરત રાધે-રાધે પરીવાર ગ્રુપ ધ્વારા ૨૨ મી માર્ચ થી દરરોજ ૧૧૦૦ થી વધુ ગરીબો ને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવી રહ્યું છે. જેમાં કોરોના વોરીયર્સ એવા પોલીસ જવાનો,ફાયર બ્રિગેડના જવાનો, મીડિયા કર્મીઓ અને ૧૦૮ ના કર્મચારી નો પણ સમાવેશ થાય છે. આગામી દિવસોમાં પણ રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા આ સેવાકીય પ્રવુતી જરૂરિયાતમંદ વ્યક્તિઓ તથા કોરોના વોરીયર્સ ને સેવા પુરી પાડવામાં આવશે. સાથે સાથે અમારા ગ્રૂપ ધ્વારા આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો રાખનાર એવા કોરોના વોરીયર્સ એટલે કે પોલીસ જવાનોને માસ્ક, સેનેટાઈઝર અને કાળઝાળ ગરમીમાં બપોરના સમયે છાશ, લીંબુ નો શરબત નું પણ વિતરણ કરવામાં આવી હતુ.

જેથી રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર, ગુજરાત એ કરેલ અદભૂત કામગીરી બદલ GVK EMRI 108 ઈમરજન્સી તરફથી સર્ટિફિકેટ એનાયત કરીને સમગ્ર ગ્રુપ ની કામગીરી ને ધન્યવાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સર્ટિફિકેટ ખુબ જ ઓછા લોકો નેજ સમર્પિત થાય છે. તો આપણા સૌના માટે ગર્વ ની વાત એ છે કે ગાંધીનગર માં સમાજ સેવાની અનોખી મિસાલ બની રહેલા ×રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર× નો પણ સમાવેશ થયો છે. GVK EMRI 108 ઈમરજન્સી ના ચીફ ઓપરેટિંગ ઓફીસર માનનીય જસવંત પ્રજાપતિ સાહેબ તથા તેમના સમગ્ર સ્ટાફે રાધે-રાધે પરીવાર ગ્રુપ ની સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે રાધે-રાધે પરીવાર એ સમગ્ર ૧૦૮ ની ટીમ નો હૃદય પુર્વક ખુબ ખુબ આભાર માન્યો હતો.



ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ભરતસિંહ સોલંકી કોરોના થી સંક્રમિત થયા હતા.૧૦૦ દિવસની લાંબી લડત બાદ કોરોનાને હરાવીને સ્વસ્થ થયા છે, ગુજરાતના પ્રભારી શ્રી રાજીવ સાતવજી, નેતા વિપક્ષ શ્રી પરેશ ધાનાણી સાથે હોસ્પિટલમાં એમના હાલચાલ પૂછ્યા, જનકલ્યાણના કાર્યમાં ફરીથી કાર્યરત થઈ જાય એવી ઈશ્વરને પ્રાથના.

# ભાજપના ઝંડાને લઈ અંબાજીમાં રાજકારણ ગરમાયું કોંગ્રેસના કાર્યકર્તાઓએ ભાજપ સરકાર પર કર્યા આક્ષેપ



ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉત્તર ગુજરાતના પ્રવાસે હતા ત્યાંરે અંબાજી માં અંબે ના દર્શન કરવા આવ્યા હતા ત્યારે ભાજપ દ્વારા સી.આર.પાટીલ નું સ્વાગત કરવા માટે અંબાજીના વિવિધ જાહેર સ્થળો પર ભાજપના ઝંડા અને હોર્ડિંગ બોર્ડ લગાવવામાં આવ્યા હતા ત્યારે સી.આર.પાટીલ ને ગયા ને પણ મહિનો થવા આવ્યો છે તેમ છતાં ભાજપ કે પછી પ્રશાસન દ્વારા અહીં જાહેરસ્થળ પર લગાવેલા ઝંડાઓ હજી સુધી ઉતારવામાં નથી આવ્યા ત્યારે ચોક્કસપણે કહી શકાય કે આ ઝંડાઓને લઈ અંબાજી નું રાજકારણ ગરમાયુ છે અંબાજી કોંગ્રેસના કદાવર નેતા તુલસીભાઈ જોષી એ પણ ભાજપ સરકાર પર આક્ષેપ કર્યા છે ભાજપ સરકારે યાત્રાધામો ને પોતાની જાગીર સમજી બેઠી હોય તેવું લાગી રહ્યું છે ભાજપ સરકારે જાહેર સ્થળોને પોતાની પાર્ટીના પ્રચાર કરવાનો જરિયો બનાવી દીધો હોય તેવું લાગી રહ્યું છે ભાજપ સરકાર પોતાની કુટનીતિ અપનાવાઈ રહી છે ભાજપ સરકાર ના કોઈપણ નેતા યાત્રાધામ અંબાજી ખાતે આવે છે તો તેમને વી.આઈ.પી એન્ટ્રી આપવામાં આવે છે જ્યારે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ હોય કે પછી કોંગ્રેસના ધારાસભ્યો હોય તેમને સામાન્ય માણસની જેમ શક્તિદ્વાર થી લાઈનમાં દર્શન કરવા દેવામાં આવે છે ત્યારે કોંગ્રેસ અંબાજી ની કદાવર મહિલા નેતા જયાબેન ગઢવી એ પણ ભાજપ પર આક્ષેપ કર્યા હતા અને જયાબેન ગઢવી એ જણાવ્યું હતું કે કોંગ્રેસ તો જનતાની સાથે રહીને જનતાની આવાજ બની સરકાર સુધી પહોંચાડતી રહી છે ત્યારે ભાજપે પોતાની કુટનીતિ અપનાવી છે તેવું લાગી રહ્યું છે ભાજપ સરકારે રાજાસાહી સરકાર સમજી બેઠી છે ચોક્કસપણે ભાજપના નેતાઓ અને ભાજપના કાર્યકર્તાઓએ સમજવાની જરૂર છે કે સરકાર કાયમી કોઈ ની રહેતી નથી સરકાર સમયસર બદલાઈ જતી હોય છે ત્યારે હું તંત્રને અને ભાજપ સરકારને કહેવા માંગુ છું કે આ ઝંડાને યાત્રાધામ અંબાજી ના વિવિધ જાહેર સ્થળો પર થી ઉતારી દેવા જોઈએ હવે જોવું એ રહ્યું કે કોંગ્રેસ દ્વારા પણ આક્ષેપ કરાયા છે તો શું હવે તંત્ર દ્વારા આ અંબાજી માં લગાવાયેલા ભાજપ ના ઝંડાઓ જાહેર સ્થળો પર થી ઉતારવા માં આવશે કે પછી જેશે ચલતે વેશે ચલનેદો કી નીતિ અપનાવવા માં આવશે ..

અહેવાલ :- રિતિક સરગરા,અંબાજી



માલપુર તાલુકાના સોનિકપુર - મેડીટીંબા ગામને થી ભેમપૂર હાઈવે ને જોડતા ૨.૬ કિલોમીટર ના ડામર રોડનું પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ના હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ભાજપ , માલપુર મંડલ પ્રમુખ મુકેશસિંહ ,યુવા મોરચા માલપુર પ્રમુખ હર્ષ પંડ્યા, મહામંત્રી શરદભાઈ પટે તેમજ ભારતીય જનતા પાર્ટીના માલપુર પંથકના હોદેદારો કાર્યકરો અને સરપંચ હાજર રહ્યા હતા.

# બાયડ - માલપુર ના પૂર્વ ધારાસભ્ય અને વર્તમાન ધારાસભ્ય ફરી આમને સામને

માલપુર પંથક માં થતા વનવિભાગ ના કામો માં વર્તમાન ધારાસભ્ય ના પુત્ર તેમજ સંબંધી ઓ એ કામોમાં ભ્રષ્ટાચાર આચરી તેમજ વન વનવિભાગ ના કેટલાક ભ્રષ્ટ કર્મીઓ એ ખોટા અનુભવ ના સર્ટી આપ્યા હોવાનો આક્ષેપ

બાયડ - માલપુર ના પૂર્વ ધારાસભ્ય અને વર્તમાન ધારાસભ્ય જુદા જુદા વિવાદો ને લઈને અવાર નવાર આમને સામને જોવા મળે છે ત્યારે વધુ એક વિવાદ માલપુર પંથકનો સામે આવ્યો છે.માલપુર તાલુકાના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા એ વન અને આદિજાતિ વિકાસ મંત્રી ને પત્ર લખી માલપુરના વર્તમાન ધારાસભ્ય જશું પટેલ ના પુત્ર નિશ્ચલ પટેલ તેમજ તેના સબંધી શિવ કન્સ્ટ્રક્શન અને તેમના મિત્ર એ વન વિભાગના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ ની મિલીભગત થી ભ્રષ્ટાચાર આચાર્યો હોવાનો આક્ષેપ કરતો પત્ર લખ્યો છે.પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે માલપુર પંથક માં વનવિભાગ ના જુદા જુદા કામો અંતર્ગત ૨૦ લાખ ની સોલવંશી મુજબ ટેન્ડર પ્રક્રિયા કરવાની હતી પરંતુ જશું પટેલ ના પુત્ર અને તેના સબંધીઓ ને આ કામ આપી દેવામાં આવ્યું છે.

વન વિભાગના અધિકારી દ્વારા નિશ્ચલ પટેલ , શિવ કન્સ્ટ્રકશન , અને સુમિત એસ પટેલ ને વનવિભાગ ની કામગીરી ના ૧૦ વર્ષના અનુભવ ના ખોટા પ્રમાણપત્રો આપવામાં આવતા આ અંગે ની ફરિયાદ મંત્રી ગણપત વસાવા ને કરતા જિલ્લામાં બે ફોરેસ્ટર ની તાત્કાલિક અસરથી બદલી કરી દેવામાં આવી છે.

માલપુર ના પૂર્વ અને વર્તમાન ધારાસભ્ય અવાર નવાર એક બીજાની સામેં આક્ષેપો લઈને આવતા હોય છે ત્યારે પૂર્વ ધારાસભ્ય અને તેમના પુત્ર અને સગાસંબંધીઓ પર લાગેલા આ આક્ષેપ માં કેટલું તથ્ય છે એ વધુ તપાસ બાદ બહાર આવશે.

### બફર ઝોન વિસ્તારમાં લોકોની અવર-જવર પર ૫. કિ.મી ત્રિજયામાં પ્રતિબંધ

# અરવલ્લીના મોડાસા શહેરની ગ્રીનસીટી સોસાયટી, ભિલોડા તથા મેધરજ તાલુકાના-૩ ગ્રામ્ય વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

મોડાસા,

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારુ પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા પેરી અર્બન વિસ્તારનો ગ્રીન સીટી સોસાયટી, મેધરજ તાલુકાના ધરોલા ગામની માલવીયા ફળી અને ગેડ ગામની બિહોલા ફળી,પંડયા ફળી ભિલોડા તાલુકાના કુલ્લા કુશ્કી ગામ વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલ મોડાસા શહેરના ગ્રીન સીટી સોસાયટી, મેધરજ તાલુકાના ધરોલા અને ગેડ ગામ ભિલોડા તાલુકાના કુલ્લા કુશ્કી ગામ વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૧૩ -ઓકટોબર-૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# માણાવદરની જે.એમ. પાનેરા શૈક્ષણિક સંકુલ ની શુભેચ્છા મુલાકાત લેતા ચિમનસિંહ ધીરસિંહ કોળચા



આજરોજ માણાવદરના કેળવણીકાર શ્રી જેઠાભાઈ પાનેરા ની શૈક્ષણિક સંસ્થા શ્રી જે.એમ પાનેરા શૈક્ષણિક સંકુલ માણાવદર ની શુભેચ્છા મુલાકાતે આદિવાસી વિસ્તારના મૂક સેવક અને આદીવાસી સમાજના ઉત્કર્ષ માટે સતત તત્પર એવા ચિમનસિંહ ધીરસિંહ કોળચા (ગુરુજી) એ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેઓ પણ કેળવણી ક્ષેત્રે મોટું યોગદાન આપી રહ્યા છે અને પ્રાથમિકથી લઈ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આશ્રમ શાળાઓ, છાત્રાલયો, રમત-ગમત ની શાળાઓ, યુવા કારકિર્દી માર્ગદર્શન અને મહિલા મંડળો દ્વારા મહિલા ઉત્કર્ષ કેન્દ્ર જેવા અનેક સેવાકીય કર્યોની સાથે-સાથે આદિવાસી ભાઈઓ-બહેનોને સતત સહકાર અને સહયોગ આપી તેમના ઉત્થાન માટેના કાર્યોમાં સતત પ્રયત્નશીલ રહે છે. ગાય આધારિત ખેતી માટે સતત ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા સેમિનારો કરી આદિવાસી વિસ્તારમાં મોટા સમુદાયને ઓર્ગેનિક ખેતી તરફ વાળવાના ભગીરથ કાર્યમાં સફળ રહ્યા છે. જેઠાભાઈ પાનેરાની K.G. થી P.G. સુધીની શૈક્ષણિક સંકુલની શુભેચ્છા મુલાકાત લેવાનો મુખ્ય આશય અધિકાર મંચ દ્વારા સૌરાષ્ટ્રના આગેવાનો, કાર્યકરોને સરકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ સામાન્ય માણસ સુધી પહોંચે તેના સેતુરૂપ બનવા માટે સહકાર અને સહયોગ આપવાનો હતો. સાથે-સાથે ગ્રામ્ય વિસ્તારના લોકો જાગૃત થાય એવાં વિચારોની આપ-લે કરી એકબીજાની સંસ્કૃતિ સાથે તાલ-મેલ બને તેવા આશય સાથે શુભેચ્છા લીધી. ગુરૂજી એવાં ચિમનસિંહ ધીરસિંહ કોળચા એ જેઠાભાઇ પાનેરા ને શુભેચ્છા આપતા આ વિસ્તારનો તમામ ક્ષેત્રે વિકાસ થાય તેનું માધ્યમ આપની શૈક્ષણિક સંસ્થા બને એવી શુભેચ્છા પાઠવી હતી..

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

### મીઠાઈ અને ફરસાણની બનાવટ પર

# એક્સપાયરી ડેટ લખવાના આદેશ કરાયો છે.જેનો બનાસકાંઠા મીઠાઈ ફરસાણ એશોસીએશને વિરોધ નોંધાવ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ફૂડ સેફ્ટી એક્ટ અંતર્ગત હવે મીઠાઈ અને ફરસાણ પર એક્સપાયરી ડેટ લખવાનું સરકારે ફરજિયાત બનાવ્યું છે.જેનો ગુજરાત ભરમાં મીઠાઈ અને ફરસાણના વેપારીઓ વિરોધ કરી રહ્યા છે .જોકે આ મીઠાઈ ની પ્રોડક્ટ પર આ પ્રકારનો કાયદો ફરસાણના વેપારીઓને નુકસાન કારક છે. આ કાયદો આવ્યા બાદ ભ્રષ્ટાચાર વધી જશે તેવો વેપારીઓનો આક્ષેપ છે.જેને લઈને પાલનપુર મીઠાઈ ફરસાણ દ્વારા જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી. અને હમણાં આ કાયદો અમલમાં ન આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.મીઠાઈ ફરસાણની પ્રોડક્ટ પર એક્સપાયરી ડેટ નો કાયદો આવવાથી નાના વેપારીઓની હાલત કફોડી બનશે. એક આખો પરિવાર જે ઘરમાં જ પ્રોડક્ટ બનાવી અને વ્યવસાય કરતો હોય છે. ત્યારે આ કાયદો આવવાથી આ નાના દુકાનદારો અથવા નાના વેપારી પરિવારો આ પ્રકારના કાયદાને લઈને નુકશાનમાં આવી જશે. તેમની પ્રોડક્ટ વેચાશે નહી. અને નુકશાનનો ભોગ આવા નાના પરિવારો બનશે.વેપારીઓની માંગ છે કે આ કાયદો સરકારે લાગુ કરવો જોઈએ નહી.

# સિદ્ધપુર ખાતે મહાત્મા ગાંધી ની જન્મ જયંતી ઉજવણી અંતર્ગત સાહિત્ય પ્રદર્શન યોજાયું

સિદ્ધપુર ખાતે આવેલી સરકારી તાલુકા પુસ્તકાલય માં મહાત્મા ગાંધી ની ૧૫૦ મી જન્મ જયંતી ઉજવણી અંતર્ગત ગાંધી સાહિત્ય પ્રદર્શન યોજાયું હતું. જેમાં રાષ્ટ્રની આઝાદી માં મહાત્મા ગાંધી નું યોગદાન અંગે આવેલા મહેમાનો એ પ્રવચન આપ્યું હતું.

આ ઉજવણી અંતર્ગત જે અંતર્ગત વિધાર્થિની આચાર્ય કૃપાલી અને પાધ્યા વૈદેહી એ દીપ પ્રાગટ્ય કરી પ્રાર્થના થકી રાષ્ટ્રપિતા મોહનદાસ ગાંધી ની આઝાદી ની સ્મરણ યાત્રા થી મોહનદાસ થી મહાત્મા ગાંધી ની યાદો રજૂ કરી સૌને ભાવ વિભોર કરી નાખ્યાં હતાં. અને સૌ વિધાર્થી ઓને ગાંધી સાહિત્ય ના વાંચન માટે પ્રેરિત કર્યા અને સૌને મહાત્મા ગાંધી ના ઋણ માંથી મુકત થવા તેમના આદર્શો મુજબ જીવન શૈલી અપનાવવા જણાવ્યું હતું.અને આ પ્રસંગે સહ ભાગી બનેલ વિધાર્થી ઓને ગુજરાત સરકાર ની દાંડીકૂચ પુસ્તક ભેટ આપ્યું હતું.




નિર્ભયાકાંડ વખતે સ્મૃતિ ઈરાની એ મનમોહનસિંહ ને બંગડીઓ મોકલી હતી. દલિત દિકરી પર ગુજારવામાં આવેલ ગેંગરેપ અને જીભ કરોડરજ્જુ જેવા સંવેદનશીલ ભાગો પર વ્હાર કરી દિકરીને મોત ને ઘાટ ઉતારી દેવામાં આવી... યોગી ને સ્મૃતિ ઈરાની શું મોકલશે?? કે અમે ઘાઘરા મોકલીએ?? નિરલજ સતાધીશો શરમ કરો...કચ્છ કોંગ્રેસ મહિલા અગ્રણી કલ્પનાબેન જોશી.

### ખાખીની માનવતા મહેકી

# માલપુર પીએસઆઈ સોલંકીએ સોનારીયા નજીક પરપ્રાંતીય ઈજાગ્રસ્ત યુવક મળતા સારવાર કરાવી પરિવાર સાથે મિલાપ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા




કોરોનાની વૈશ્વિક મહામારીમાં ખાખી વર્દીના અનેકરૂપ જોવા મળ્યાં છે લોકડાઉનમાં ખાખીની દરિયાદિલીના દર્શન થયા હતા દેશમાં લોકડાઉનમાં ભુખ્યાને ભોજન,બીમારને દવાઓ સહીત જરૂરિયાતમંદ લોકોને પરિવારની હૂંફ આપી હોવાના અનેક કિસ્સાઓ જોવા મળ્યા હતા માલપુર પોલીસે લોકડાઉનમાં જરૂરિયાતમંદ લોકોને કરિયાણાની કીટ વહેંચી અને ફૂટપાથ પર પડી રહેલા દિવ્યાંગ ભિક્ષુકને સ્વચ્છ કરવાની સરાહનીય કામગીરી કરી હતી માલપુર પોલીસે વધુ એકવાર માનવતા મહેકાવી હતી માલપુરના સોનારીયા ગામના પીકઅપ સ્ટેન્ડમાં ઈજાગ્રસ્ત બનેલ કણસતા પરપ્રાંતીય યુવક પેટ્રોલીગ દરમિયાન જોવા મળતા સારવાર કરાવી તેને હૈયાધારણા આપતા યુવકે મધ્યપ્રદેશનો હોવાનું જણાવતા તેના પરિવારનો સંપર્ક કરી યુવક સાથે મીલન કરાવતા ૪ મહિનાથી ગુમ થયેલ યુવકને જોઈ પરિવારજનોમાં ખુશીના આંસુ જોવા મળ્યા હતા

માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સોનારીયા ગામના પીકઅપ સ્ટેન્ડમાં એક ઈજાગ્રસ્ત હાલતમાં દયનિય સ્થિતિમાં સારવારના અભાવે કણસતો યુવક જોવા મળતા તેની પાસે જઈ જોતા જમણા પગે ઈજા થયાનું જણાતાં તાબડતોડ ઈજાગ્રસ્ત યુવકને માલપુર સામુહિક કેન્દ્રમાં સારવાર કરાવતા અને યુવકને બે ટંક ભોજન કરાવી વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતા તેનું નામ માખનસિંહ અમરસિંહ પરમાર અને મધ્યપ્રદેશના રાઉખેડી ગામનો હોવાનું જણાવતા અરવલ્લી જીલ્લા કંટ્રોલના સહયોગથી યુવકના વિસ્તારના સીપ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી યુવક અને તેના પરિવારજનો અંગે પૂછપરછ કરતા સીપ્રા પોલીસ સ્ટેશનમાં ચાર મહિના અગાઉ ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવ્યું હતું માલપુર પોલીસે યુવકના પરિવારજનોનો સંપર્ક નંબર મેળવી સંપર્ક કરતા પરિવારજનો મધ્યપ્રદેશ થી માલપુર પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને યુવકને જોતાની સાથે તેની માતાએ ગળે લગાડતા અને ખુશીની અશ્રુધારા વહાવતા પીએસઆઈ સોલંકી અને તેમનો સ્ટાફની પણ આંખો ભરાઈ ગઈ હતી માલપુર પોલીસની માનવતા ભર્યાં પગલાંને પગલે ચાર મહીનાથી પરિવાર થી વિખૂટો પડેલ યુવકનું પુનઃમિલન કરાવવામાં સફળતા મળી હતી




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.